# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-05-2025** **Day:** Sunday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મન કી બાત કાર્યક્રમ

મન કી બાત કાર્યક્રમની 122 મી કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરમાં ભારતીયે સૈન્યની કામગીરીની પ્રશંસા કરી. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓને પાઠ ભણાવીને ભારતીય સૈન્યએ દરેક હિન્દુસ્તાનીનું માથુ ઉંચુ કરી દીધુ છે.. ઓપરેશન સિંદૂરને કેવળ એક સૈન્ય અભિયાન નહીં પરંતુ દેશના સંકલ્પ, સાહસ અને બદલતા ભારતની તસ્વીર તરીકે તેમણે વર્ણવી હતી. કાર્યક્રમમાં શ્રી મોદીએ ગુજરાતના ગીરમાં થયેલી સિંહોની વસતિ ગણત્રીને ઉત્સાહ વધારનારી ગણાવતા તેમણે કહ્યું 35 હજાર ચોરસ કિલોમીટરના વિસ્તારના 11 જિલ્લાઓમાં સિંહોની ગણતરી કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી: રાજ્ય-કચ્છની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન રાજ્યમાં વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સરહદી અબડાસા તાલુકામાં પુરતું અને શુદ્ધ પીવાના પાણીની જરૂરિયાત સંતોષવા માટે રૂ.60 કરોડના ખર્ચે આકાર લેનારી “અબડાસા જૂથ સુધારણા યોજના”નું આવતીકાલે ભુજ ખાતેથી પ્રધાનમંત્રી ખાતમુહુર્ત કરીને અબડાસા તાલુકાના 44 હજારથી વધુ લોકોની પીવાના પાણીની જરૂરીયાતનો માર્ગ મોકળો કરશે. આ યોજના થકી ભવિષ્યમાં અબડાસા તાલુકાના 33 ગામો અને 7 પરાના 44 હજારથી વધુ લોકોને શુદ્ધ પીવાનું પાણી નિયમિત મળી રહેશે. ઉલ્લેખનીય છે કે, આવતીકાલે ભુજ ખાતે યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી રા. 53 હજાર કરોડથી વધુના કુલ ૩૩ વિકાસકામોની ગુજરાતને ભેટ આપશે.

---

## જિલ્લા ભાજપ: પ્રધાનમંત્રી આગમનને લઇને તૈયારી

ઓપેરેશન સિંદૂરની સફળતા બાદ પહેલીવાર કચ્છ આવી રહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવકારવા કચ્છવાસીઓમાં ઉત્સાહનું ઘોડાપૂર ઉમટ્યું છે. ભુજમાં છેલ્લા અઠવાડિયાથી કચ્છ જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ સમગ્ર જીલ્લા ભાજપ પરિવાર પ્રધાનમંત્રીની મુલાકાતને ઐતિહાસિક બનાવવા તૈયારીઓ આદરાઇ છે.. સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે જિલ્લા મથકે રોડ શો યોજી રેલીનું આયોજન કરાયું છે. આ રેલીમાં કચ્છવાસીઓના હાથમાં 1000 મીટરનો ત્રિરંગો લહેરાવી પોતાનો ઉત્સાહ વ્યક્ત કરશે.. રોડ શોમાં અલગ અલગ સમાજોના લોકો વિવિધ વેશભૂષા સાથે ઉપસ્થિત રહેશે. વિવિધ ઝાંખી સાથે પણ લોકો રેલીમાં જોડાશે.

---

## વિસાવદ-કડી : પેટા ચૂંટણી

રાજ્યની ખાલી પડેલી બે વિધાનસભા બેઠકો, કડી અને વિસાવદર માટે પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય ચૂંટણી પંચની સત્તાવાર યાદી મુજબ આ બંને બેઠકો પર 19 જૂનના રોજ મતદાન થશે. જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પ્રક્રિયા માટે 26 મે થી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થશે. જ્યારે 2 જી જૂન ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે.

---

## પ્રાંથળિયા આહિર સમાજ લગ્નોત્સવ

કચ્છના પ્રાંથળિયા આહિર સમાજમાં વૈશાખ મહિનાની અંધારી તેરસે સામૂહિક લગ્નની પરંપરા મહાભારત કાળથી અકબંધ રહી છે. આજે રવિવારે સમગ્ર કચ્છમાં એક હજાર જેટલા નવયુગલો લગ્નગ્રંથિથી જોડાયા છે. આજે આહીર સમાજના ગામેગામ લગ્નના ઢોલ ઢબૂકી

**ઉઠતા ગ્રામીણ સંસ્કૃતિ ખીલી ઉઠી છે. ભાતીગળ પહેરવેશમાં યજમાન અને મહેમાન પરિવારના લોકો વિવાહ પ્રસંગને ઉજવવા મશગૂલ છે. સાંભળીએ એક અહેવાલ.**

**(બાઇટ : રામજી મેરિયા)**

**---------------------------------------------------------------------------------------**

## આઇપીએલ

**ચેન્નાઇ સુપર કિંગ્સ આઇપીએલની 67મી મેચમાં ગુજરાત ટાઇટન્સને 231 રનનો લક્ષ્યાંક આપ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ચેન્નાઇએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો અને 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 230 રન બનાવ્યા હતા. લક્ષ્યાંક હાંસલ કરવા ઉતરેલી ગુજરાત ટાઇટન્સની ટીમની ખરાબ શરૂઆત થઇ છે. ગુજરાતના કેપ્ટન શુભમન ગીલ 9 રન, જોસ બટલર 5 અને શેર્ફન રુધરફોર્ડ શુન્ય રને આઉટ થયા હતા. અત્યારે ક્રીઝ સાઇ સુદર્શન અને શાહરુખ ખાન રી રહ્યા છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત ટાઇટન્સ 10 ઓવરમા 3 વિકેટ ગુમાવીને 85 રન બનાવ્યા છે.**

**---------------------------------------------------------------------------------------**

## નખત્રાણા તાલુકો: મગફળી પાક

**નખત્રાણા તાલુકામાં મગફળીનો પાક તૈયાર થઇ જતા ઉખેડવાની પ્રક્રિયાનો ખેતરોમાં ધમધમાટ ચાલી રહ્યો છે. મગફળીનો હબ ગણાતો નખત્રાણા તાલુકામાં પાણી ખારા થવાથી તથા હવામાન માફક ન આવવાને કારણે અમુક વિસ્તારોમાં મગફળીનું વાવેતર ઘટયું છે, પરંતુ નેત્રા વિસ્તાર આજે પણ ભૂતડીના વાવેતરમાં અગ્રસ્થાને છે. આ વિસ્તારમાં અંદાજિત 1500થી વધુ એકરમાં મગફળીનું વાવેતર કરાયું છે. ચોમાસું શરૂ થાય તેના પહેલાં ઝડપથી મગફળી ઉખેડવાની કામગીરી પૂર્ણ કરવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.**

**---------------------------------------------------------------------------------------**